# નૃસિંહપુરા સમાજ દર્પણ

ડીસેમ્બર-જાન્યુઆરી ૨૦૧૭-૧૮

## શ્રદ્ધાંજલિ



શાંતિલાલ રાયચંદ શાહ
જન્મ: ૨૪-૭-૧૯૧૦ સ્વ. : ૧૫-૧-૧૯૬૬



શુભદ્રાબેન શાંતિલાલ શાહ
સ્વ. : ૩૧-૧૦-૧૯૯૬



હેમંતભાઇ શાંતિલાલ શાહ
જન્મ: ૧૨-૬-૧૯૫૬ સ્વ. : ૨૫-૮-૨૦૦૮

-: સૌજન્ય :-

## શાંતિલાલ રાયચંદ શાહ-પરિવાર

( નરોડા-અમદાવાદ )

# THE JAIN SAHAKARI BANK LTD.

Este : 1946

(Multi State Co-Op. Bank)
H. O. Hira Baug, Khattaralli Line, C. P. Tank, Mumbai-4,
Tel. : 2382 4374 / 2386 4389 / 2386 8550

## OFFERS HIGHER RATE OF INTEREST ON YOUR FIXED DEPOSIT

| 12 TO 36 MONTHS* SIMPLE INTEREST | |
|---|---|
| PUBLIC 7.5 %*p.a. | SENIOR CITIZEN 8.00 % p.a. |

**Hurry up Scheme available up to 31/3/2018 Contact Nearest Branch**

We offer 0.50% more interest on single Deposit of Rs. 15.00 Lakh for Public & 0.25% for Senior Citizen

| | | |
|---|---|---|
| C. P. TANK BRANCH :<br>Tel. 23824374 / 23864389 (Tel/Fax)<br>jsbl_cpt@yahoo.co.in | MANDVI BRANCH :<br>Tel. 2343 6489 / 2344 3844 (Tel/Fax)<br>jsbl_mandvi@yahoo.com | BORIVALI (WEST) BRANCH :<br>Tel. No. 2890 1646 / 2890 5288 (Tel/Fax)<br>jsbl_bow@yahoo.com |
| BORIVALI (EAST) BRANCH :<br>Tel. No. 2892 1748 / 2891 5587<br>(Tel/Fax) jsbl_bor@yahoo.com | PALDI BRANCH, Ahmedabad :<br>Tel. No. 079-26576474<br>Paldi_bm@jainbank.co.in<br>M. : 8300783154 | MULUND BRANCH :<br>Tel. 25602590 / 25602591<br>mulw_bm@jainbank.co.in |

SALIENT FEATURES :
0 % Net N. P. A's as on 31.3.2017
Your deposits are insured up to Rs. 1.00 lac under DICGS cover.
Lockers available at Borivali (West) & (East) Mulund (West) Branches.
Jain Bank is assisting you to pay Government taxes through E-PAYMENT.
We are providing RTGS / NEFT to our customers.
We are issuing Pradhan Mantri Jeevan Jyoti Bima Yojna / Pradhan Mantri Suraksha Bima Yojna.

**OPENING SHORTLY SECOND BRANCH AT "AHMEDABAD"**

| | | |
|---|---|---|
| INDRAVADN K. KADAKIA<br>Chief Executive Officer | KAILASHCHAND S. JAIN<br>Vice President | ROHIT C. VAKHARIA<br>President |

**સંપાદક સમિતિ :**

શ્રી અજયભાઇ રમણીકલાલ શાહ : ૯૮૨૪૦૬૭૭૪૭
શ્રી શોધનભાઇ હિરાલાલ શાહ : ૯૪૨૬૬૨૦૯૦૯
શ્રી દિલીપભાઇ શાંતિલાલ શાહ : ૯૪૦૮૬૮૪૩૧૨

**પ્રકાશક સમિતિ :**

શ્રી દિનેશભાઇ લાલભાઇ શાહ, પ્રમુખ : ૦૯૩૨૪૬૯૮૮૮૬
શ્રી જગદીશભાઇ ત્રિલોકચંદ દાણી, મંત્રી : ૯૮૨૫૦૪૩૫૧૮
શ્રી કલ્પેશભાઇ પોપટલાલ સંઘવી, સહમંત્રી : ૮૯૮૦૯૫૯૯૨૩

**ટ્રસ્ટીગણ :**

શ્રી બિપીનભાઇ ચીનુભાઇ શાહ : ૦૯૮૬૭૦૮૮૧૧૦
શ્રી જીતેન્દ્રભાઇ રતીલાલ શાહ : ૦૯૨૨૪૧૬૫૨૭૨
શ્રી દિપકભાઇ સાકરલાલ શાહ : ૯૮૨૪૩૨૪૧૨૬

**પ્રકાશન સ્થળ :**

શેઠ કસ્તુરચંદ જુઠાભાઇ છાત્રાલય, પોસ્ટ ઓફીસની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : (૦૭૯) ૨૬૪૨૪૪૫૫

ગૃહપતિ : શ્રી તારકકુમાર બાબુલાલ પરીખ

**"સમાજ દર્પણ"ના પ્રતિનિધિઓ : ફોન નંબર**

શ્રી કેતનભાઇ રમેશભાઇ શાહ, કલોલ : ૯૮૨૫૦૩૮૫૬૬
શ્રી કમલેશભાઇ શાંતિલાલ પરીખ, સુરત : ૯૩૭૭૭૨૪૮૪૭
શ્રીમતી ઝંખનાબેન જયેન્દ્રકુમાર શાહ, વડોદરા : ૦૨૬૫-૨૩૯૫૬૬૪
શ્રીમતી અંજનાબેન નલીનભાઇ શાહ, વડોદરા : ૯૪૨૯૨૫૫૭૦૩
શ્રી કિરીટભાઇ ફકીરચંદ દેસાઇ, નરોડા : ૯૭૨૫૫૦૦૭૨૪
શ્રી દિલીપભાઇ ફતેચંદ શાહ, મુંબઇ : ૦૯૮૧૯૮૩૭૦૪૧

**નૃ. સમાજ દર્પણમાં જાહેરાત છાપવા માટેના નવા દર :**

| ક્વર પેજ (કલરમાં) | (અંદરના પેજ) |
|---|---|
| (કવર : ૨ રૂા. ૨૫૦૦-૦૦) | (આખું પેજ : ૧૫૦૦-૦૦) |
| (કવર : ૩ રૂા. ૨૫૦૦-૦૦) | (અડધુ પેજ : ૮૦૦-૦૦) |
| (કવર : ૪ રૂા. ૩૦૦૦-૦૦) | (પા પેજ : ૫૦૦-૦૦) |

(અંદરના જાહેરાત કલરમાં : રૂા. ૨૦૦૦-૦૦)
(અંદરના બાયોડેટા કલરમાં : રૂા. ૧૫૦૦-૦૦)

સમાજના સૌ સભ્યોને વિનંતી કે આપના વિભાગના સમાજની વ્યક્તિગત, કૌટુંબિક કે સંસ્થાના સમાચારની માહિતી, સારા-માઠા પ્રસંગોની માહિતી આપતી વિગત ક. જુ. છાત્રાલયના સરનામે "નૃ. સમાજ દર્પણ" વિભાગમાં અવશ્ય મોકલવી. સમાજના સભ્યોની જે વિગતો મળશે તે વિગતો જ પ્રસિધ્ધ કરવામાં આવશે. જેની સૌ સભ્યોએ નોંધ લેવી.

(૧) "નૃ. સમાજ દર્પણ"ના મુખ પત્રકના દરેક અંક અંગે સમાજના કોઇપણ સભ્યનું સૌજન્ય રૂા. ૪૦૦૦/- ભેટ લઇને સ્વીકારાય છે.
(૨) જે કોઇને ફોટા (પાસપોર્ટ સાઇઝ) સાથે સૌજન્ય આપવું હોય તો રૂા. ૬૦૦૦/- નક્કી કરેલ છે, જેનો લાભ લેવા વિનંતી છે.
(૩) આગામી સળંગ છ અંક સુધી જાહેરાત આપનારને ૧૦% ડીસ્કાઉન્ટ આપવામાં આવશે. -પ્રકાશન સમિતિ

# સંપાદક...

આપ સૌના સાથ સહકારથી આપણે પ્રગતિના પંથે આગળ વધી રહ્યા છીએ અને ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહીશું એમાં કોઇ શંકા નથી.

આ વર્ષે આમોદ મુકામે વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ. મીટીંગને સફળ બનાવવા માટે આમોદ વિભાગના પરિવાર જનોએ ખૂબ જ સાથ સહકાર આપેલ તેને સંસ્થા બિરદાવે છે.

આપણા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું પારિતોષિક આપી સન્માન કરવામાં આવેલ. દરેક વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન. અત્રે એક ખાસ નોંધ લેવાની કે જે વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું હતું. તે વિદ્યાર્થીઓની સૂચક ગેરહાજરી દેખાતી હતી. માતા-પિતાની ફરજ છે કે બાળકોને લઇ પુરસ્કાર લેવા આવે. જેથી બાળકોને પ્રોત્સાહન મળે. સાથો સાથ પુરસ્કારના દાતાશ્રીઓએ પણ પધારી પ્રોત્સાહન આપવું જોઇએ. ભવિષ્યમાં અમારા આ વિચારોને અનુમોદન આપશો એવી આશા રાખીએ છીએ.

આમોદ વિભાગની મીટીંગના અંતમાં સંપાદક તરીકે આપશ્રીને નમ્ર વિનંતી કરી હતી કે આપ સૌ 'સમાજ દર્પણ' મેગેઝીનને સાથ સહકાર આપશો. સમાજ દર્પણને વિજ્ઞાપન એટલે ફક્ત જાહેરાત નથી પરંતુ તે કેળવણીને દાન છે. કેળવણી ને દાન એ મહા દાન છે સમાજ દર્પણના વિતરણ વ્યવસ્થામાં સહકાર આપશો.



ગત અંકના સૌજન્ય દાતા શ્રી નલીનકાન્ત ભોગીલાલ શાહ **(C.A.)** પરિવાર તથા આ અંકમાં જે દાતાઓએ વિજ્ઞાપન આપી, અન્ય પ્રકારનું દાન આપી જે સહકાર આપ્યો છે. તે દાતાઓનો આભાર...

# ● સમાચાર ●

**સમાચાર...**

- શાહ નિર્મળભાઈ મિલાપચંદ નો પુત્ર ચિ. પ્રણીત Pharma-D નો અભ્યાસ કરી ઉચ્ચ અભ્યાસ માટે અમેરીકા ગયેલ છે.
- <u>શ્રી સંઘ નૃસિંહપુરા દિગંબર જૈન સમાજ, જહેર</u>

  શ્રી દોલચંદ અમીચંદ પરીખ ધર્મપ્રભાવના યોજના અંતર્ગત તા. ૨૧-૧૨-૨૦૧૭ થી ૧-૧-૨૦૧૮ સુધી ૧૨૦ યાત્રિકોએ મથુરા, મંગલાયતન, બડાગાંવ, હસ્તિનાપુર, અહિક્ષેત્ર, કમ્પીલાજી, શૌરીપુરી-બટેશ્વર, પ્રભાસગિરિ-કૌશાંબી, પ્રયાગ-અયોધ્યા, શ્રાવસ્તી, કાકન્દી, ચંદ્રપુરી, સિંહપુરી તથા વારાણસીની સફળતા પૂર્વક યાત્રા કરી તેમજ બધા યાત્રીકોએ ૧૭ તીર્થંકરોની જન્મભૂમિના દર્શન કરી ઉત્સાહપૂર્વક ધર્મલાભ લીધો.
- **વડોદરા :-**

  સમસ્ત દિગંબર જૈન સમાજ વડોદરા દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા. ૭-૧-૨૦૧૮ના રોજ રીફાઈનરી ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવેલ હતું. જેમાં નૃસિંહપુરા દિગંબર જૈન મંડળ (બરોડા બોંબર્સ)ની ટીમ વિજેતા થઈ હતી. સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન.
- નૃસિંહપુરા દિગંબર જૈન મંડળ બરોડાની વાર્ષિક સભા તથા સ્નેહ સંમેલનનું આયોજન તા. ૨૧-૧-૨૦૧૮ ના રોજ બનયન પેરાડાઈસ રીસોર્ટ ખાતે યોજવામાં આવ્યુ હતું. જેમાં સમગ્ર સમાજે ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભોજન સમારંભ બાદ મ્યુઝીકલ નાઈટનું આયોજન કરેલ હતું. સમારંભના અતિથિ વિશેષ તરીકે શ્રીમતી વર્ષાબેન એસ. શાહ, શ્રીમતી મમતાબેન એસ. શાહ અને કુમારી ધ્વની જીગર શાહ ને બીરદાવામાં આવ્યા હતાં.
- <u>**ખૂબ ખૂબ અભિનંદન :–**</u>

  હેમા ત્થા કલ્પેશ વિનોદચંદ્ર શાહના સુપુત્ર ચિ. ઝલક વિશ્વની દ્વિતિય નંબરની યુનીવર્સીટી HEC PARIS માં Master in Management (MIM) માં તેજસ્વી વિદ્યાર્થી તરીકે Excellence based 50% સ્કોલરશીપ સાથે (6 Lakh Rupees) 1st September થી પ્રવેશ મેળવેલ છે. માત્ર 15 ભારતીય વિદ્યાર્થી આ યુનિવર્સીટીમાં પસંદગી પામેલ છે.

  21st September ના રોજ પેરીસમાં Highest Scholarship award મેળવેલ છે. સંસ્થા આપની શૈક્ષણિક પ્રગતિને બિરદાવતા અને પ્રોત્સાહીત કરતા ગૌરવની લાગણી અનુભવે છે. ૧૩૦ વર્ષ જૂની દુનિયામાં **2nd** નંબરની **Institute HEC** પેરિસ (ફ્રાન્સ)માં **Master in Management** માં મહત્તમ સ્કોલરશીપ મેળવવા બદલ આપને હાર્દિક અભિનંદન પાઠવતા અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. ભવિષ્યમાં આપ ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરી સમાજ માટે ઉત્કૃષ્ટ યોગદાન આપવા સમર્થ બનો તેવી શુભેચ્છા સહ...
- આપણા કેળવણી મંડળના સંસ્થાપકોમાંનાં એક એવા આમોદ નિવાસી હાલ મુંબઈ શ્રી દિપચંદ ભાઈચંદ શાહના સુપુત્ર ડૉ. મધુકરભાઈ દિપચંદભાઈ શાહને બાળકોનાં શ્રેષ્ઠ નિષ્ણાંત માટેનો Indian Academy of Pediatrics મુંબઈ, મહારાષ્ટ્ર તરફથી 'લાઈફ ટાઈમ એચીવમેન્ટ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તે આપણા સમાજ માટે ગર્વની વાત છે. કેળવણી મંડળ વતી તેમને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.
- શ્રી સંઘ નૃ. દિ. જૈન કેળવણી મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૪-૨-૨૦૧૮ નાં રોજ આમોદ મુકામે રાખવામાં આવી હતી. સર્વ પ્રથમ ગયા વર્ષે આપણાં સમાજમાં જે અરિહંત શરણ પામેલ તેઓ શ્રીને શ્રદ્ધાંજલી આપવામાં આવેલ જેમાં ગત વર્ષના હિસાબો ને પાસ કરવામાં આવ્યા હતા. આમોદ વિભાગમાંથી ફારેગ થતાં ત્રણ સભ્યો શ્રી રમેશભાઈ રતિલાલ શાહ, શ્રી અશોકભાઈ ઉદયચંદ શાહ તથા શ્રી દિલીપભાઈ ફતેચંદ શાહનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.અને તેમના સ્થાને શ્રી આશિષ જયંતિલાલ શાહ, શ્રી વિજયભાઈ પૂનમચંદ શાહ, શ્રી ધનંજય કાંતિલાલ શાહની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી.

  શ્રી યોગેશભાઈ રસીકલાલ શાહ, શ્રી નૈનેષભાઈ હિરાલાલ શાહને કો-ઓપ્ટ. કરવામાં આવ્યા છે.

  પ્રમુખશ્રીએ આપણી સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

  સમાજના પ્રતિભાશાળી વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને જે તે ફેકલ્ટીમાં પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

  કાર્યક્રમનાં અંતે આમોદ ગામમાં રહેતા પરીવારજનોનો સુન્દર વ્યવસ્થા બદલ આભાર માનવામાં આવ્યો હતો.

# શ્રદ્ધાંજલિ

- તા. ૨૦-૧૨-૨૦૧૭ ના રોજ લીલાબેન છોટાલાલ શાહ (ડબકા) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૨૩-૧૨-૨૦૧૭ ના રોજ રમણીકલાલ મોહનલાલ શાહ (કલોલ-નરોડા) અરિહંત શરણ થયેલ છે.
- તા ૧-૧-૨૦૧૮ ના રોજ શ્રી નલિનકાંત સુબોધચંદ્ર શાહ (જહેર-નડિયાદ) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૨-૧-૨૦૧૮ ના રોજ શ્રી નરેન્દ્રભાઈ ચંદુલાલ પિતાંબર શાહ (જહેર-ઉમરગાંવ) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૩-૧-૨૦૧૮ ના રોજ અંજનાબેન જયેન્દ્રકુમાર શાહ (જહેર-નરોડા) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૧-૨-૨૦૧૮ ના રોજ શ્રી બિપિનચંદ્ર ભોગીલાલ શાહ (નૃસિંહપુર-અમદાવાદ) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૨-૨-૨૦૧૮ સ્વ. સુશીલાબેન હીરાલાલ શાહ (બુહારી-વડોદરા) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૪-૨-૨૦૧૮ ના રોજ વિમળાબેન ઈશ્વરલાલ શાહ (જહેર-મુંબઈ) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૯-૨-૨૦૧૮ ના રોજ શ્રી મહેશભાઈ ગમનલાલ શાહ (મહુવા-સુરત) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૧૦-૨-૨૦૧૮ ના રોજ શ્રી યોગેનભાઈ સાકરલાલ શાહ (ડબકા-અમદાવાદ) અરિહંત શરણ થયેલ છે.

**(પ્રભુ સદગતની આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના)**


|| ૧૦૦૮ વિઘ્નહર પાર્શ્વનાથાય નમઃ ||

**આપને ત્યાં ઉજવાતા કોઇપણ ધાર્મિક પ્રસંગોનું સુંદર અને સરસ રીતે સંચાલન કરી આપનાર વક્તા-વિધિકાર...**

# શ્રી ભરતભાઇ ચંદુલાલ શાહ

## (ત્રાગડવાળા)

જૈન વિધાન...વાસ્તુ વિધાન...જૈન વિધિથી લગ્ન...જૈન વિધિથી જ્વારા...
ધાર્મિક ભજન, સંધ્યા...ભક્તિ સંગીત...પ્રાર્થનાસભા...વ્રત વિધાન...
ભાવયાત્રા તથા નમસ્કાર મહામંત્રની
આરાધના સુંદર વિવેચન સાથે કરાવનાર...

સંપર્ક : શ્રી ભરતભાઇ ચંદુલાલ શાહ (ત્રાગડ) હાલ-વડોદરા
મો. ૦૯૪૨૬૬૨૪૫૩૬ / ૯૪૨૬૩૩૪૫૩૪

આપના પ્રસંગને યાદગાર બનાવો એજ ઉદ્દેશ...


# નવા તથા બદલાયેલા સરનામા-ટેલીફોન નંબર

- Rajendra Ratilal Vakharia
  66/784, Chitrakut Appt., Sola Road,
  Naranpura, Ahmedabad-380063
  Rajendra (M) 8866445017
  Chintan (M) 9825961520
- Dhiren Jayantilal Vakharia
  B/9, Shaligram Appartment, Near Premanjali Society, Behind Jain Temple, Bodakdev, Judges Bunglow,
  Ahmedabad-380015.
- હર્ષદભાઈ રસીકલાલ શાહ
  સી-૧૦૩, અરવિંદ સીતાદેવી, નવરંગપુરા ટેલિફોન એક્ષચેન્જ પાછળ, નવરંગપુરા,
  અમદાવાદ-૩૮૦૦૦૯.
- તેજસ નરેશભાઈ શાહ
  ઈ-૪૦૩, દેવ માણેક ૧૦૧ એપાર્ટમેન્ટ, શ્રીનાથ પાર્ટી પ્લોટ સામે, નિકોલ-નરોડા રોડ, નિકોલ-અમદાવાદ-૩૮૨૩૫૦
  મો. : ૯૮૨૫૮૪૮૪૭૨
  મો. : ૮૮૭૯૦૨૪૧૪૪
- જયકુમાર રસીકલાલ શાહ
  એ-૨૦૧, વિતરાગ રેસીડન્સી, નટુભાઈ સર્કલ પાસે, રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭
  ફોન નં. : ૦૨૬૫ ૨૩૮૭૮૩૧
- Dr. J. K. Shah - Mumbai
  Tele. Resi. : 40164547
- શાહ અજીતકુમાર વિઠ્ઠલદાસ
  ૮૨/૫૦૧, ગોલ્ડ કોઈન માઈન, નવાદર નગર રોડ નં. ૪, ગોરેગાંવ (વે) મુંબઈ-૪૦૦૧૦૪
  નિલેશ કનુભાઈ શાહ : ૯૩૨૨૮૩૭૭૩૭૩
- કૌશીક રતનચંદ શાહ
  અક્ષત અનંગ સી-૭૦૩, સત્યમહોમ્સની બાજુમાં, વિશ્વાસ સીટી ૨ નં. નો રોડ, ચાણક્યપુરી ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૬૧
  કૌશીક આર. શાહ : મો. ૯૪૦૮૧૨૮૫૮૧
  જીગેષ કે. શાહ : ૯૪૨૬૦૨૮૫૪૬

**NEW ADDRESS :-**

- Dharmesh Dinesh Shah
  502, 5th Floor, Koumari CHS Ltd. 14 A Road, Ahimsa Marg, Khar West,
  Mumbai-400052.
  Dharmesh D. Shah : 9820125495
  Dinesh B. Shah : 9320136621
  Niketa D. Shah : 9833365680

# ધાર્મિક પ્રશ્નાવલી નં. ૯

| |
|---|
| નામ :- |
| સરનામું / વતન :- |
| ટે. નં. / મો. નંબર :- |

(૧) બન્ને પ્રશ્ન પત્રના જવાબો સ્વચ્છ અક્ષરમાં લખશો.
(૨) આપનું પુરૂ નામ, સરનામું, વતન, ટેલીફોન નં. વગેરે અવશ્ય આપશો.
(૩) જવાબ એક અલગ બંધ કવરમાં 'ધાર્મિક પ્રશ્નાવલી નં. ૯' ગૃહપતિ, કે. જે. છાત્રાલયના સરનામે તારીખ ૩૧-૩-૨૦૧૮ પહેલા મોકલશો. તે પછી આવેલ જવાબો અસ્વીકાર્ય રહેશે.
(૪) નિર્ણાયકનો જવાબ આખરી ગણાશે જે તમામ સાધકોને બંધન કર્તા રહેશે, આ સ્પર્ધા નૃ. દિ. જૈન ના સાધર્મિક પૂરતી મર્યાદિત છે.
(૫) આપના દ્વારા મોકલાવેલ જવાબો માટે માત્ર ફુલ સ્કેપ પેપર વાપરશો. ડાયરીનો કોરો કાગળ, લખેલા કાગળ પાછળ, નાના કાગળમાં લખેલા જવાબો રદ બાતલ ગણવામાં આવશે.
(૬) ધાર્મિક પ્રશ્નાવલીનો મુખ્ય ઉદ્દેશ સમાજના લોકો શાસ્ત્ર સ્વાધ્યાય સાથે જોડાય તેજ છે.
(૭) ધાર્મિક પ્રશ્નાવલી નં. ૮ ના જવાબો.
પ્રશ્ન - ૧. (૧) અ. ૮૪ બ. ૧૨/૮ (૨) મુનિસુવ્રતનાથ (૩) જીનવાણી/સરસ્વતિ (૪) વિદ્યાસાગર (૫) ૫, ૬૮,૭૭,૫૮૪ (૬) પીંડહરણ (૭) અતિમૂકતક સ્મશાન (૮) વ્રજ વૃષભનારાચસંહનન (૯) પંચમેરૂ (૧૦) વિજયમાલી, અચલમાલી, સુદર્શન, વિદ્યુન્માલી, મંદીરમેરૂ
પ્રશ્ન - ૨. (૧) વિગ્રહ (૨) સમાધિશતક (૩) નંધ્યાવર્ત (૪) ૬૨ (૫) ૧૨ (૬) દયાદત્તી (૭) ૩ (૮) રાજા ચામુંડરાય (૯) ક્ષેણિક (૧૦) ૮૦,૦૦૦
(૮) ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૭ ના ધાર્મિક પ્રશ્નાવલી ૮ ના વિજેતા નીચે મુજબ છે.
(૧) સુલોચનાબેન નેમચંદ શાહ-વડોદરા (૨) કોકિલાબેન અરૂણભાઈ વખારીયા-મલાડ (૩) સાધનાબેન ઈન્દ્રવદનભાઈ શાહ-મલાડ (૪) તસ્વીનાબેન એસ. શાહ-વડોદરા (૫) જયશ્રીબેન કમલેશભાઈ શાહ-વડોદરા (૬) મીનાબેન એચ. શાહ-ભરૂચ (૭) કલ્પનાબેન વિજયભાઈ વખારીયા-કલોલ (૮) નિરંજનાબેન કિરીટભાઈ શાહ-અમદાવાદ (૯) જશ્મીનબેન જીતેન્દ્રભાઈ સંઘવી-વડોદરા

(૯) પ્રશ્નાવલી નં. ૮ માં પ્રશ્નકર્તા :- શ્રીમતી અંજનાબેન (સેન્ડી) નલિનકુમાર શાહ-વડોદરા

### પ્રશ્નપત્ર - ૧

એક વાક્યમાં જવાબ આપો.
૧. અનુબધ્ધ કેવલિ કેટલા છે ? અને કયા કયા ?
૨. સમ્યકત્વના કેટલા ગુણ છે ? કયા કયા ?
૩. અઢાઈ દ્વિપની આગળ મનુષ્યને જતા રોકતો પર્વત કયો છે ? તે કયા દ્વીપમાં આવેલો છે ?
૪. ણમોકાર મંત્ર સૌથી પહેલા કોણે લીપીબધ્ધ કર્યો ? કયા શાસ્ત્રમાં અને કઈ શતાબ્દીમાં તે જણાવો.
૫. કેવલિ ને સિધ્ધ થવા માટે કેટલો સમય લાગે છે ? તે ઉચ્ચારણ કયા છે ? તે જણાવો.
૬. મુનિઓના કુલ ગુણ કેટલા છે ?
૭. ૧૬ સ્વર્ગમાં વિમાનોની કુલ સંખ્યા આંકડામાં બતાવો.
૮. વિક્રમસંવત ૧૯૩ થી વિક્રમસંવત ૩૦૦ સુધી થઈ ગયેલ આચાર્યોના નામજણાવો.
૯. ક્યા ગુણસ્થાનમાં ૫૯૮ જીવ રહે છે ?
૧૦. કેટલા પરમેષ્ઠી ઈન્દ્રીયાતીત છે ? કયા ?

### પ્રશ્નપત્ર - ૨

ખાલી જગ્યા પુરો.
૧. ભગવાનના સમવશરણમાં કુલ ................... સીડીઓ હોય છે.
૨. ભગવાન મહાવીરનું રક્ત સફેદ હતું તે ................... નુંઅતિશય કહેવાય છે.
૩. ..................., ................... જેમણે પોતાની બહેનની સામે કુદૃષ્ટિથી જોવાથી વૈરાગ્ય આવી ગયો હતો.
૪. ................... હતો કે જેણે એક સસલાને બચાવવા માટે ત્રણ દિવસ સુધી એક પગ પર ઊભો રહ્યો હતો.
૫. ઈન્દ્રની સભામાં બેસનાર દેવને ................... કહે છે.
૬. સમ્મેદ શિખરજીની યાત્રા ................... જીવો નથી કરી શકતા.
૭. ................... એ જીવંધરને સ્મશાનમાં જન્મઆપ્યો.
૮. હનુમાનજીના નાના નું નામ................... છે.
૯. આદિનાથ ભગવાનની સાથે ................... રાજાએ દીક્ષા લીધી હતી.
૧૦. મંદિરમાં દર્શન કરતી વખતે ................... વાર ................... દઈને નમસ્કાર કરવા જોઈએ.

સાચા જવાબ આપનાર વ્યકિતને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.

# MAHAVIR SHAH & ASSOCIATES

## (DEBT'S INSTRUMENTS DEALER)

## PRESENTS FINANCIAL ASSISTANCE / ARRANGEMENTS:

**UNDER BANNER**

- M/S. MONEY INDIA : FOR THE CORPORATES, SMALL SCALE BUSINESS ETC
- M/S. MONEY MATTERS : FOR SMALL SCALE BUSINESS, INDUSTRIES ETC
- M/S. 360 DEGREE FINANCE : RETAIL FINANCE-INDIVIDUAL, RETAIL

PRESENTS FINANCIAL ASSISTANCE / ARRANGEMENTS :

1. WE DEAL IN DEBT INSTRUMENTS-ALL CORPORATE BONDS, ALL TAX FREE BONDS, ALL TAX SAVING BONDS, SECURED / NON SECURED NCD'S ALL MUTUAL FUNDS, ALL COMPANY'S ULIPS (UNIT LINKED INSURANCE PLANS), NSC-KVP-MIP, PHYSICAL SHARES / DEMAT SHARES.
2. WE DEAL IN FINANCE ARRANGEMENT FOR THE CORPORATES, FROM THE CORPORATES AGAINST THE CORPORATE BONDS, THIRD PARTY COLLATERAL, BANK GUARANTEE, SECURED NCD'S ULIPS, ETC.
3. WE DEAL IN FINANCE ARRANGEMENT AGAINST ALL DEBTS-BONDS (TAX SAVING, TAX FREE) MUTUAL (OPEN ENDED) FUNDS, ALL COMPANY'S ULIPS (UNIT LINKED INSURANCE PLANS) FOR INDIVIDUAL NEEDS.

WE ACCEPT FINANCE AGAINST FULL PROOF GOVT SECUTUTY AT THE RATE OF INTEREST 1.00 - 1.5% PER MONTH, FOR OUR CLIENTS.

WE DEAL IN ARRANGE / GIVING UPTO 100% FINANCE AGAINST FULL PROOF GOVT SECURITY AT THE PREVAILING RATE OF INTEREST, FROM OUR CLIENTS.

ADDRESS :- 2, MALBAR-VIEW, 1ST FLOOR, MORVI CROSS LANE,
CHOWPATTY SEA - FACE, MUMBAI :- 400007
CONTACT :- M. 09323238515, 022-32003101
E-MAIL :- mahavircshah@gmail.com

# કામને ઢીલમાં ન નાખો

રાત્રીના સમયે એક કાર પૂર ઝડપે હાઈવે પર દોડી રહી હતી. ત્રણ મિત્રો કારમાં સફર કરી રહ્યા હતા. બે મિત્રો વાતોમાં મશગૂલ હતાં. જયારે ત્રીજો મિત્ર કારને શક્ય તેટલી સ્પીડમાં ચલાવી રહ્યો હતો. અચાનક રસ્તા વચ્ચે તેણે એક સસલાને જોયું. તેણે આ સસલાને બચાવવા કોશીશ કરી છતાં તે કાર સાથે અથડાઇ ગયું. ગાડી ઉભી રાખીને ત્રણેય મિત્રો નીચે ઉતર્યા અને જોયું તો સસલું મરી ગયું હતું. એક દોસ્તે કહ્યું, ''આપણી કાર એટલી બધી સ્પીડથી ચાલતી હતી કે, આ સસલું ભાગી શકે એટલો સમય ન રહ્યો. જેથી આ અકસ્માત થયો અને સસલું મરી ગયું.'' બીજા મિત્રએ કહ્યું, ''ના, ના, હું તમારી વાત માનતો નથી. ખરેખર સસલું એવું ઝડપથી દોડી શકે તેવું પ્રાણી છે કે તે ધારે તો દોડીને ભાગી શકે, પણ મને લાગે છે કે આપણી કારની હેડલાઇટ એટલી પાવરફૂલ છે કે તેના પ્રકાશથી સસલાની આંખો અંજાઇ ગઇ હશે. તેથી તેને કશું દેખાયું નહીં હોય, જેથી આ અકસ્માત થયો.'' ત્રીજાએ કહ્યું, ''નહીં, નહીં, તમે બંને ખોટા છો. હું કાર ચલાવતો હતો માટે મને બરાબર ખબર છે કે અકસ્માત શા માટે થયો. જ્યારે મારી નજર આ સસલા પર પડી ત્યારે તે રસ્તાની વચ્ચોવચ્ચ ઊભું હતું, તેને બચવા માટે ફક્ત અર્ધો જ રસ્તો ક્રોસ કરવાનો હતો, જે સસલા માટે સાવ આસાન હતું. પણ તેણે જમણી બાજુ દોડી જવું કે ડાબી બાજુ એવું વિચારવામાં ઘણો સમય લીધો. શરૂઆતમાં તેણે એક પગલું જમણી બાજુ લીધું પછી પાછું વળ્યું અને ડાબી બાજું ગયું, આમ કરવામાં તેણે જે કિંમતી સમય વેડફી નાંખ્યો તેના કારણે તેણે જીવ ખોયો.''

કેટલાંક લોકો પોતાનામાં નિર્ણય શક્તિનો અભાવ છે તેવી કબૂલાત કરે છે. પરંતુ હું તેમને બતાવું છું કે તમે પ્રત્યેક વખતે નિર્ણય લઇ જ શકો છો. જ્યારે તમે નિર્ણય ન લઇને કોઇ કામને ઢીલમાં નાંખો છો ત્યારે ખરેખર તો તમે તે નિર્ણય લઇ જ ચૂક્યા હો છો કે, ''મારે નિર્ણય નથી લેવો.'' જ્યારે કોઇ કામ તમારાથી પૂરૂં નથી થતું અથવા તે કામમાં નિષ્ફળતા મળે છે ત્યારે તમારૂં વર્તન કેવું હોય છે તે યાદ આવે છે ? એ કામ સોંપનાર વ્યક્તિ પ્રત્યે અને તમને આપવામાં આવેલા સમય માટે તમને ફરિયાદો હોય છે. આ ફરિયાદો કરતાં પહેલાં તમારી જાતને પ્રમાણીક પણે પૂછો કે, ''શું મેં એ કામને અગ્રિમતા (**Priority**) આપીને તરત જ શરૂઆત કરી હતી ? કે પછી વારંવાર બહાના કાઢીને તેને ઢીલમાં નાંખ્યા કર્યું હતું ?'' કામને ઢીલમાં નાખ્યા કરવું એ આમ આદત છે. ''હમણાં નવરાત્રી ચાલે છે માટે...'', ''મારા સાળાની દીકરીના લગ્ન આવે છે એટલે...'', ''હમણાં મૂડ જ બરાબર નથી...'', ''ગરમી જ એટલી બધી પડે છે કે...'', આવા અનેક બહાના કામને ઢીલમાં નાંખવા માટે તમે વાપરો છો.

કોઇ અગત્યના કામને મહત્વ આપવું તેનો અર્થ એ થાય કે અન્ય અર્થહીન બહાનાબાજી બંધ કરવી. આ ઉપરાંત વચ્ચે વચ્ચે કોઇપણ બિનમહત્વનું કામ આવી જાય તો તેને હાથ પર ન લેવું અથવા સમયનો બગાડ કરતાં પરિબળો (ટાઇમવેસ્ટર્સ)થી દૂર રહેવું. હવે આજથી ''મને પૂરતો સમય નહોતો મળ્યો.'' એવી તમારી માન્યતા બદલાયેલી લાગે છે ? જો એ માન્યતા બદલાય તો નિષ્ફળતા અંગેનું તમારૂં વર્તન પણ બદલાશે. તમે બીજા લોકો ઉપર આક્ષેપો મૂકતા બંધ થશો. તમને સમજાશે કે તમારી નિષ્ફળતાનું કારણ તમારી પોતાની જ આળસ હતી. એક જાણીતો શ્લોક છે :

અલસસ્ય કૂતો વિદ્યા, અવિદ્યસ્ય કૂતો ધનમ્ ।

અધનસ્ય કૂતો મિત્રમ્, અમિત્રસ્ય કૂતો સુખમ॥

આળસુ માણસને કોઇપણ પ્રકારની વિદ્યા (આવડત) મળી શકતી નથી, આવડત વગરના માણસને ધન મળતું નથી. ધન વગરનાને મિત્રો હોતા નથી અને મિત્રો વગરનાને વળી સુખ કેવું ? માટે, આજથી જ આળસ ખંખેરી નાંખો, કામને ઢીલમાં ન નાખો.



# Abhishek

| | | |
|---|---|---|
| Name | : | ABHISHEK JAYESHBHAI VAKHARIA |
| Birth Date & Time | : | 24th October, 1991, 11:05 p.m. |
| Birth Place | : | Ahmedabad |
| Height & Weight | : | 5'3", 56 Kg. |
| Native Place | : | Kalol |
| Education | : | B.Com. |
| Hobbies | : | Music, Movies, Travelling |
| Job Profile | : | Sales Officer in Home Loan Department (IIFL) Ahmedabad, Gujaraat |
| Address | : | 605, Sai Krupa Co-Op. Hos. Society, Opp. Mahavir Clinic, Mamlatdar Wadi-2, Malad (West), Mumbai-400064. |
| Contact | : | 8488857399, 9819085234, 9004349723 |
| Email | : | abhishekvakharia420@gmail.com |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father | : | JAYESHBHAI RAMANLAL VAKHARIA (Service) |
| Mother | : | KUSUM JAYESHBHAI VAKHARIA (House Wife) |
| Sister | : | PRIYA JAYESHBHAI VAKHARIA (Unmarried) |
| Mosal | : | LATE SOHANLAL JAIN (Ahmedabad) |



# Maitri

PERSONAL DETAILS :

| | | |
|---|---|---|
| Name | : | Shah Maitri Hemanshukumar |
| Date of Birth | : | 23-07-1993 |
| Birth Time | : | 5.40 AM at Ahmedabad |
| Sun Sign | : | Leo |
| Gotra | : | Kashyap |
| Height | : | 5'3" |
| Weight | : | 50 Kg. |
| Caste | : | Digambar Jain |
| Educational Qualification | : | M. Pharma |
| Work | : | Cliantha Research Ltd., Ahmedabad |
| Hobbies | : | Painting, Listening Music, Travelling |

**FAMILY DETAILS**

| | | |
|---|---|---|
| Father | : | Hemanshukumar Sashikant Shah<br>Bank Manager In Surat Dist. Co. Op. Bank (Mahuva) |
| Mother | : | Belaben Shah<br>House Wife |
| Young Brother | : | Shreyans Shah (Electrical Engineer) Quality Engineer at Waaree Ltd. Surat. |
| Mosal | : | Sureshchandra Chunilal Shah<br>17, New Govindpark Society, Vijay Nagar Cross Road, Naranpura, Ahmedabad.<br>Mo. : 9824502810 Phone : 079-27484401 |
| Address for Communication | : | Hemanshukumar S. Shah<br>Parsiwad Street, At & Po. : Mahuva, Dist : Surat, Gujarat<br>Phone : 02625-255633<br>Mobile : 9427169533, 9408927661 |
| Email | : | maitrishah237.ms@gmail.com |



# Mihir

| | | |
|---|---|---|
| Name | : | Mihir Pinakin Shah |
| Native Place | : | Kalol |
| Birth Date | : | 18 – 11 – 1992 @ 12.00 Noon. |
| Birth Place | : | Mumbai |
| Height | : | 5 feet 5 inches |
| Qualification | : | BMS – Finance (Mithibai College, Mumbai) MMS – MET College, Mumbai |
| Occupation | : | At Present with Family Business, M/s Shah Brothers Mumbai |
| Father | : | Pinakin Ratilal Shah |
| Mother | : | Hemangini Pinakin Shah |
| Uncle | : | Ashwin Ratilal Shah, Atul Ratilal Shah, Jayesh Ratilal Shah. |
| Foi | : | Devyaniben Mahendrakumar Vakharia(Ahm). |
| Mosal | : | Ramanlal Vadilal Vakharia (Ahmedabad) |
| Gotra | : | Harsol |
| Sister | : | Rupal Atman Shah, Dr. Rushika Dhruva Sheth |
| Address | : | 101, Kalpana Hsg Soc., 11th Road, Khar – W, Mumbai-400052. |
| Contact | : | 9930541671 – Mrs Hemangini Shah |
| Interests | : | Football, Politics, Tennis |


શુભ
કેટરર્સ
SUBH CATERERS
દિપકભાઇ રતીલાલ શાહ
મો. : ૯૮૨૫૪ ૧૮૨૨૫
કેયુર નરેન્દ્રભાઇ વખારિયા
મો. : ૯૬૮૭૦૦૬૦૯૯
દરેક પ્રસંગને
અનુરૂપ
દરેક જાતના શુભ પ્રસંગોમાં કેટરીંગ ક્ષેત્રે નામાંકીત
ધાર્મિક પ્રસંગો ✦ વેવીશાળ ✦ સંગીત સંધ્યા ✦ ડી. જે. પાર્ટી
લગ્ન પ્રસંગે ✦ જન્મદિવસની ઉજવણી ✦ પિકનીક ✦ ઇવેન્ટસ્
ઉત્કૃષ્ટ ક્વોલીટી અને સર્વિસ માટે ફક્ત એકજ નામ
શુભ કેટરર્સ
એફએફ-૫, બાબા રામદેવ કોમ્પલેક્ષ,
દિગંબર જૈન મંદિરની બાજુમાં,
સાજન પાર્ટી પ્લોટની સામે,
ભુયંગદેવ ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૬૧.

## સંસ્થાને ભેટ બદલ ખુબ ખુબ અભિનંદન

| | |
|---|---|
| ૧,૦૦,૦૦૦/- | શ્રી મનુભાઈ હરિલાલ વખારીયા તરફથી સંસ્થામાં બોરવેલ બનાવવા માટે... |
| ૧,૦૦,૦૦૦/- | શ્રીમતી દક્ષાબેન અશોકભાઈ વખારીયા તરફથી સંસ્થામાં બોરવેલ બનાવવા માટે... |
| ૧,૦૦,૦૦૦/- | શ્રીમતી પ્રવિણાબેન જશવંતલાલ શાહ તરફથી સંસ્થામાં બોરવેલ બનાવવા માટે... |
| ૨૧૦૦/- | શ્રી સુરેશભાઈ જયંતિલાલ શાહ તરફથી ચિ. પાર્થના લગ્ન નિમિત્તે... |
| ૨૦૦૦/- | શ્રી શાહ સતિષભાઈ વિરચંદ |
| ૧૨૫૦/- | શ્રી શાહ હેમંતભાઈ નવીનચંદ્ર શાહ ચિ. ભૂમિકાના લગ્ન પ્રસંગે... |
| ૧૦૦૦/- | શાંતાબેન જયંતિલાલ બાલચંદ શાહના પૌત્ર ચિ. હાર્દિક MS Surgeon (જનરલ) થયેલ તેની ખુશાલીમાં... |
| ૫૦૦/- | શ્રી શાહ ધૈર્યકુમાર કમલેશભાઈ શાહ જન્મદિનની ખુશાલીમાં... |
| ૫૦૦/- | શ્રી જયેન્દ્રભાઈ નગીનદાસ શાહ તરફથી અંજનાબેનના સ્મરણાર્થે... |
| ૫૦૧/- | શ્રી કૌશીકભાઈ રતનચંદ શાહ નવા ગૃહ પ્રવેશ નિમિત્તે... |

### શિષ્યવૃત્તિ રીફંડ...

- પ્રિયાંશી મુકેશભાઈ શાહ-સુરત
- વૈભવી મુકેશભાઈ શાહ-સુરત

## સાત પગલા જિંદગીના (જીવનમાં)

-શ્રીમતી અંજનાબેન (સેન્ડી) નલિનકુમાર શાહ-વડોદરા

(૧) જન્મ : એક અણમોલ સોગાદ છે, જે ભગવાનની ભેટ છે.

(૨) બચપણ : મમતાનો દરિયો છે, જે પ્રેમથી ભરેલ છે, જે ડૂબી શક્યો તે તરી ગયો છે.

(૩) તરૂણાવસ્થા : કાંઈક વિચારો, કાંઈક આશાઓનો પહાડ છે, મેળવવાની અનહદ આશા અને લૂંટવાની તમન્ના છે, તરૂણાવસ્થા એટલે તરવરાટ - થનગનાટ અને અનેક નવી ઉત્પન્ન થતી મુંઝવણો.

(૪) યુવાવસ્થા : બંધ આંખોનું એ આંધળુ સાહસ છે, ઉમ્મીદો અને કુરબાન થવાની આશા રાખે છે.

(૫) પ્રોઢાવસ્થા : ખુદને માટે કશુ ના વિચારતા બીજાઓ માટે કાંઈક કરી છૂટવાની તમન્ના છે.

(૬) ઘડપણ : વિતેલા જીવનના સરવાળા અને બાદબાકી જેવું વાવ્યું તેવું લણવાનો સમય છે.

(૭) મરણ : જિંદગી કિતાબના પાના ખુલ્લા થશે, નાડીએ નાડીએ કર્મો તૂટશે, ધર્મ-કર્મનો હિસાબ થશે, સ્વર્ગ-નરકનો માર્ગ થશે, પોતાના નો (સ્વજનોનો) પ્યાર છૂટશે અને આમજિંદગીના સાત પગલા પુરા થશે. માટે બંધુઓ સાત પગલાની પાણી પહેલા પાળ બાંધો.

(૧) જીંદગીને કોઈપણ જાતની શરત વગર પ્રેમ કરો.

(૨) તમે નહીં ખર્ચેલા નાણાના તમે ચોકીદાર છો, પરંતુ તેના તમે માલિક નથી.

(૩) દુનિયામાં દરેક માનવી એમજ સમજે છે કે તે પોતેજ ચાલાક છે.

(૪) જો તમને પહેરવા કપડા, રહેવા ઘર અને બે ટાઈમઅન્ન મળતુ હોય તો ઉપરવાળાનો આભાર માનજો, તમારાથી બીજા કેટલા સુખી છે તે જોવા કરતા બીજા કેટલા દુઃખી છે તે જોશો તો તમારા માટે સ્વર્ગ અહીં જ છે.

(૫) તમે અમીર હો કે ગરીબ બધા અંતે મૃત્યુનેજ વરે છે, સમય જતા વાર નથી લાગતી, કાંકરાને રેતીમાં બદલાતા વાર નથી લાગતી, પ્રેમભર્યું જીવન જીવી લેશો, આ હૃદયને બંધ થતા વાર નથી લાગતી.

સમજે તેને વંદન.
ના સમજે તેને અભિનંદન.
જય જિનેન્દ્ર

# કર્મનો હિસાબ શાયદ બધાએ ચૂકવવો જ પડે છે.

-શ્રીમતી અંજનાબેન (સેન્ડી) નલિનકુમાર શાહ-વડોદરા

એક ગામમાં એક શેઠજી હતા. તે ખૂબજ દયાળુ હતાં. તે ધર્મ-કર્મમાં માનતા હતાં. તેમની પાસે જે વ્યક્તિ ઉધાર માંગવા આવે તો કદી ના પાડતા જ ન હતા.

શેઠજી મુનિમને બોલાવતા અને કહેતા કે જે ઉધાર માંગવા આવે તેમને પૂછજો કે ભાઈ આ કર્જ તમે ક્યા ભવમાં પાછું વાળશો ? આ જન્મમાં કે આવતા જન્મમાં.

ત્યારે જો કોઇ ઇમાનદાર વ્યક્તિ હોય તો તે આજ જન્મમાં પાછું ચૂકવવાનું કહેતાં અને જે બેઇમાનદાર અને ચાલાક હોય તે આવતા જન્મમાં ચૂકવીશ તેમ કહેતા અને પોતાની ચાલાકી પર મૂર્ખ મનમાં ને મનમાં ખૂશ થાય છે કે શું શેઠજી મૂર્ખ તો નથીને ? કે તે આ કર્જ આગલા જન્મમાં ચૂકવણીની આશા રાખીને બેઠા અને આમ મુનિમજી પણ કાંઇ બોલતા નથી ને તે તેમનું ઉધાર ચૂકવવાનું ચોપડામાં લખી લેતાં .

એક દિવસ એક ચોર શેઠજી પાસે ઉધાર માંગવા આવી પહોંચ્યો. તેને ખબર હતી કે શેઠજી તેને કાંઇક રકમ આપશે. ચોરને તો શેઠજીની પાસે ઉધાર લેવા કરતાં તેમની તિજોરી જોવાની ઇન્તેજારી વધારે હતી. શેઠજીએ મુનિમજીને બોલાવી ચોરને પૂછ્યું તમે આ કર્જ આ જન્મમાં ચૂકવશો કે આવતા જન્મમાં ? ચોરે કહ્યું મુનિમજી હું તો આગલા જન્મમાં ચૂકવીશ મુનિમજીએ તિજોરી ખોલી પૈસા આપ્યા અને ચોરે તિજોરી જોઇ લીધી અને નક્કી કરી લીધું કે આ શેઠની તિજોરીજ રાત્રે ઉઠાવી લઉં. અને રાત્રેજ શેઠના ઘરે પહોંચી ગયો અને ત્યાં ભેંસોના તબેલા પાછળ છુપાઇને શેઠજી અને મુનિમજીની સુવાની રાહ જોવા લાગ્યો.

એટલામાં અચાનક ચોરે સાંભળ્યું કે બે ભેંસો સામસામી કાંઇક વાત કરી રહી છે. તે ચોર ભેંસોની ભાષા સમજી રહ્યો હતો.

એક ભેંસ બીજી ભેંસને પૂછે બહેન તમે આજે જ આવ્યા છો ત્યારે તે ભેંસે જવાબ આપ્યો. હા આજેજ શેઠના તબેલામાં આવી છું. શેઠજીનું પાછલા જન્મનું કર્જ ચૂકવવાનું છે પણ બહેન તું ક્યારથી અહીં આવી છું જ્યારે પહેલી ભેંસે બીજી ભેંસને પૂછ્યુ તો તેણે જવાબ આપ્યો કે મને તો ત્રણ વર્ષ થઇ ગયા અને શેઠજી ને કર્જ આગલા જન્મમાં ચૂકવીશ તેમ કહ્યું હતું. શેઠજી પાસેથી ઉધાર લીધા પછી મારું મૃત્યુ થઇ ગયું. તો હું ભેંસ બની ગઇ અને શેઠજીના તબેલામાં આવી પહોંચી દૂધ આપીને તેનું કર્જ ચૂકવી રહી છું. જ્યાં સુધી કર્જ ચૂકવીશ નહીં ત્યાં સુધી અહીં રહેવું પડશે.

ચોરે ભેંસની વાત સાંભળી તો તેના હોંશ-કોશ ઉડી ગયા અને ભેંસો સામે જોવા લાગ્યો અને સમજ પડી કે ઉધારનું કર્જ તો ચૂકવવું જ પડે છે. ચાહે આ જન્મમાં કે આગલા જન્મમાં તે તરત જ શેઠજીના ઘર તરફ દોડ્યો અને જે કર્જ લીધુ હતું તે મુનિમજીને ફટાફટ આપી રજીસ્ટરમાંથી તેનુ નામ કઢાવી નાખ્યું.

આપણે બધાજ દુનિયામાં એટલા માટે આવીએ છીએ કે આપણે કોઇને આપવું લેવું પડે છે. આમ કર્જનો હિસાબ ચૂકતો કરવા માટે આ દુનિયામાં કોઇ દિકરો બનીને આવે છે, કોઇ દિકરી બનીને આવે છે, કોઇ પિતા બનીને આવે છે, કોઇ મા બનીને આવે છે, કોઇ પતિ બનીને આવે છે, કોઇ પત્ની બનીને આવે છે, કોઇ વહુ બનીને આવે છે, કોઇ પ્રેમી બનીને આવે છે, કોઇ મિત્ર બનીને આવે છે, કોઇ શત્રુ બનીને આવે છે, કોઇ પડોશી બનીને આવે છે, તો કોઇ સગાસંબંધી બનીને આવે છે, ચાહે દુઃખ આવે કે સુખ આવે હિસાબ તો બધાએ ચૂકવવો જ પડે છે, તે પ્રકૃતિનો નિયમ છે.

માટે જ કહ્યું છે કે કર્મ એટલું કરો કે જેથી આપણને તેનું કર્જ ચૂકવવું ના પડે. પરમાત્મા હંમેશા બધાની સાથે જ હોય છે.

# ક્યાં છે ઝિંદાદિલ વડીલો ? ક્યાં છે ઝિંદાદિલ સંતાનો ?

એકાએક જ સ્વ. કવિ હરીન્દ્રભાઇ દવેની યાદગાર પંક્તિઓનું સ્મરણ થાય છે.

'બેચેન છે વસંત ને ઉદાસ પાનખર,

ડાળીનો ફૂલ પરથી ભરોસો ઊઠી ગયો !'

ડાળીનો ફૂલ પરથી ભરોસો ઊઠી જાય એ કરુણ ઘટના છે. એ ડાળી કે વૃક્ષ વસંતની બેચેનીનો વિચાર જ ન કરે એ પણ દુઃખદ ઘટના છે. એમલાગે કે - વસંતમાં અને પાનખરમાં - બંનેમાં કશુંક ખૂટે છે.

જીવન એ નરી વાસ્તવિકતા છે. માણસ જીવનને કેવળ ભાવનાત્મક દૃષ્ટિએ મૂલવે તો જીવનને સમજવામાં થાપ ખાવાની શક્યતા નકારી શકાય નહિ.

માતા-પિતા દેવતુલ્ય છે, સંતાનો પર એમના ઉપકારો છે એ પણ કબૂલ. એમની ભાવના અને આજ્ઞાનો આદર કરવો જોઇએ, એનો પણ ઇન્કાર ન જ થઇ શકે. 'રામચરિત માનસ'માં તુલસીદાસે કહ્યું છે તેમઃ

સુનુ જનની સોઇ સુતુ બડભાગી,

જો પિતુ-માતુ વચન અનુરાગી.'

માતા-પિતાનાં વચનો પ્રત્યે અનુરાગી સુત (પુત્ર) ભાગ્યશાળી છે.

મહાભારતનાં 'આદિપર્વ'માં વેદ વ્યાસે કહ્યું છે, 'જે માતા-પિતાની આજ્ઞા માને છે, તેમના હિતનો વિચાર કરીને અનુકૂળ રીતે ચાલે છે અને માતા-પિતા સાથે પુત્રોચિત વ્યવહાર રાખે છે, તે જ ખરો પુત્ર છે.'

માતા કૌશલ્યા રામને કહે છે, 'હે પુત્ર, જો તારા પિતાએ તને વનમાં જવા માટે કહ્યું હોય, તો તું પોતાની માતાને અર્થાત્ મને તેમના કરતાં મોટી ગણીને વનમાં જવાનો વિચાર ન કરીશ. પરંતુ જો માતા કૈકેઇ તથા પિતા બંનેએ તને વનમાં જવાનું કહ્યું હોય તો વન સેંકડો અયોધ્યાતુલ્ય છે એમમાની તું અવશ્ય વનમાં જા.'

એમપણ કહેવાયું છે કે પશુઓનો સંબંધ માતા સાથે ધાવણ પૂરતો જ મર્યાદિત રહે છે. અધમમાણસોનો માતા સાથેનો સંબંધ લગ્ન થાય ત્યાં સુધી જ ટકે છે. મધ્યમવ્યક્તિઓ માતા-પિતાને માત્ર ઘરની દેખરેખ રાખનાર વ્યક્તિ જ ગણે છે. પરંતુ ઉત્તમવ્યક્તિ માતાને જીવનભર તીર્થ સમાન માને છે.

'સ્થાનાંગ'માં ચાર પ્રકારના પુત્રો ગણાવવામાં આવ્યા છે : ૧. ગુણની દૃષ્ટિએ પિતા કરતાં ચઢિયાતા પુત્રો, ૨. પિતા સમાન પુત્રો, ૩. પિતા કરતાં નિમ્ન કક્ષાના પુત્રો અને ૪. કુળનો સર્વનાશ કરનાર 'કુલાંગર' પુત્રો.

પ્રાચીન ઉલ્લેખોમાં 'પુ' નામના નરકમાંથી પિતૃતર્પણ કરીને તારે, એ જ પુત્ર એમમાની પુત્રીને મહત્ત્વ પ્રાપ્તિમાંથી બાકાત રાખવામાં આવી છે. હકીકતમાં પુત્ર અને પુત્રીનો ભેદ એક સામાજિક ભ્રમછે. મા-બાપને મન સંતાન એટલે સંતાન. પુત્રીને 'સાપનો ભારો' કહેનાર-ગણનાર લોકોમાં દુષ્ટ પુત્રને 'પાપનો ભારો' કહેવાની હિંમત હોય છે ખરી ? પુત્રની જેમપુત્રી પણ મા-બાપનાં અંગ-અંગમાંથી જ ઉત્પન્ન થયેલી છે. પછી તે ઉપેક્ષણીય કેવી રીતે હોઇ શકે ?

માતાનું સ્થાન જીવન અને જગતમાં વંદનીય છે, પરંતુ 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ'-ગાવાની સાથે 'પિતાનો જોટો પણ જગે નહિ જડે' એ વાતને પણ આદરવંતી ગણવી જ જોઇએ. એટલે પુનિત મહારાજના શબ્દોમાં 'મા-બાપ ને ભુલશો નહિ' એ વાત પુત્ર અને પુત્રી બંનેએ યાદ રાખવા જેવી છે. તેની સાથે સમાજે એ વાત પણ યાદ રાખવી જોઇએ કે પુત્રીને અવગણશો નહિ. નહિ તો પુત્રીઓની ઘટતી જતી સંખ્યા સમાજને સહરાનું રણ બનાવી દેશે.

પુરુષની નિર્દયતાની ફરિયાદ કરનારને 'ગોદાન' નવલકથા દ્વારા મુન્શી પ્રેમચંદજી એક મહત્ત્વનો પ્રશ્ન પૂછે છે,

એકાએક જ સ્વ. કવિ હરીન્દ્રભાઈ દવેની યાદગાર પંક્તિઓનું સ્મરણ થાય છે.

'બેચેન છે વસંત ને ઉદાસ પાનખર,

ડાળીનો ફૂલ પરથી ભરોસો ઊઠી ગયો !'

ડાળીનો ફૂલ પરથી ભરોસો ઊઠી જાય એ કરુણ ઘટના છે. એ ડાળી કે વૃક્ષ વસંતની બેચેનીનો વિચાર જ ન કરે એ પણ દુ:ખદ ઘટના છે. એમલાગે કે - વસંતમાં અને પાનખરમાં - બંનેમાં કશુંક ખૂટે છે.

જીવન એ નરી વાસ્તવિકતા છે. માણસ જીવનને કેવળ ભાવનાત્મક દષ્ટિએ મૂલવે તો જીવનને સમજવામાં થાપ ખાવાની શક્યતા નકારી શકાય નહિ.

માતા-પિતા દેવતુલ્ય છે, સંતાનો પર એમના ઉપકારો છે એ પણ કબૂલ. એમની ભાવના અને આજ્ઞાનો આદર કરવો જોઈએ, એનો પણ ઈન્કાર ન જ થઈ શકે. 'રામચરિત માનસ'માં તુલસીદાસે કહ્યું છે તેમઃ

સુનુ જનની સોઈ સુતુ બડભાગી,

જો પિતુ-માતુ વચન અનુરાગી.'

માતા-પિતાનાં વચનો પ્રત્યે અનુરાગી સુત (પુત્ર) ભાગ્યશાળી છે.

મહાભારતનાં 'આદિપર્વ'માં વેદ વ્યાસે કહ્યું છે, 'જે માતા-પિતાની આજ્ઞા માને છે, તેમના હિતનો વિચાર કરીને અનુકૂળ રીતે ચાલે છે અને માતા-પિતા સાથે પુત્રોચિત વ્યવહાર રાખે છે, તે જ ખરો પુત્ર છે.'

માતા કૌશલ્યા રામને કહે છે, 'હે પુત્ર, જો તારા પિતાએ તને વનમાં જવા માટે કહ્યું હોય, તો તું પોતાની માતાને અર્થાત્ મને તેમના કરતાં મોટી ગણીને વનમાં જવાનો વિચાર ન કરીશ. પરંતુ જો માતા કૈકેઈ તથા પિતા બંનેએ તને વનમાં જવાનું કહ્યું હોય તો વન સેંકડો અયોધ્યાતુલ્ય છે એમમાની તું અવશ્ય વનમાં જા.'

એમપણ કહેવાયું છે કે પશુઓનો સંબંધ માતા સાથે ધાવણ પૂરતો જ મર્યાદિત રહે છે. અધમમાણસોનો માતા સાથેનો સંબંધ લગ્ન થાય ત્યાં સુધી જ ટકે છે. મધ્યમવ્યક્તિઓ માતા-પિતાને માત્ર ઘરની દેખરેખ રાખનાર વ્યક્તિ જ ગણે છે. પરંતુ ઉત્તમવ્યક્તિ માતાને જીવનભર તીર્થ સમાન માને છે.

'સ્થાનાંગ'માં ચાર પ્રકારના પુત્રો ગણાવવામાં આવ્યા છે : ૧. ગુણની દષ્ટિએ પિતા કરતાં ચઢિયાતા પુત્રો, ૨. પિતા સમાન પુત્રો, ૩. પિતા કરતાં નિમ્ન કક્ષાના પુત્રો અને ૪. કુળનો સર્વનાશ કરનાર 'કુલાંગર' પુત્રો.

પ્રાચીન ઉલ્લેખોમાં 'પુ' નામના નરકમાંથી પિતૃતર્પણ કરીને તારે, એ જ પુત્ર એમમાની પુત્રીને મહત્ત્વ પ્રાપ્તિમાંથી બાકાત રાખવામાં આવી છે. હકીકતમાં પુત્ર અને પુત્રીનો ભેદ એક સામાજિક ભ્રમછે. મા-બાપને મન સંતાન એટલે સંતાન. પુત્રીને 'સાપનો ભારો' કહેનાર-ગણનાર લોકોમાં દુષ્ટ પુત્રને 'પાપનો ભારો' કહેવાની હિંમત હોય છે ખરી ? પુત્રની જેમપુત્રી પણ મા-બાપનાં અંગ-અંગમાંથી જ ઉત્પન્ન થયેલી છે. પછી તે ઉપેક્ષણીય કેવી રીતે હોઈ શકે ?

માતાનું સ્થાન જીવન અને જગતમાં વંદનીય છે, પરંતુ 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ'-ગાવાની સાથે 'પિતાનો જોટો પણ જગે નહિ જડે' એ વાતને પણ આદરવંતી ગણવી જ જોઈએ. એટલે પુનિત મહારાજના શબ્દોમાં 'મા-બાપ ને ભુલશો નહિ' એ વાત પુત્ર અને પુત્રી બંનેએ યાદ રાખવા જેવી છે. તેની સાથે સમાજે એ વાત પણ યાદ રાખવી જોઈએ કે પુત્રીને અવગણશો નહિ. નહિ તો પુત્રીઓની ઘટતી જતી સંખ્યા સમાજને સહરાનું રણ બનાવી દેશે.

પુરુષની નિર્દયતાની ફરિયાદ કરનારને 'ગોદાન' નવલકથા દ્વારા મુન્શી પ્રેમચંદજી એક મહત્ત્વનો પ્રશ્ન પૂછે છે, 'પુરુષ નિર્દયી છે, કબૂલ. પરંતુ તે (પુત્ર) પણ માતાનો જ પુત્ર છે ને ! શા માટે માતાએ પુત્રને એવા સંસ્કાર (શિક્ષણ) ન આપ્યા કે માતાની, સ્ત્રીજાતિની પૂજા કરે ? અબ્રાહમલિંકને ગૌરવભેર કહ્યું હતું કે હું જે કાંઈ છું અને જેવો બનવાની આશા સેવું છું, તેનું શ્રેય મારી દિવ્ય માતાને છે. હકીકતમાં માતાનું ગૌરવ પૃથ્વી કરતાં અધિક છે, તો પિતાનું સ્થાન પણ

આકાશ કરતાંય ઊંચું છે.

પ્રસવ-વેદના, બાળઉછેરનાં કષ્ટો અને મમતાને કારણે માતાને દેવોપમગણવામાં આવી છે. એક લોકગીત મુજબ લગ્ન કરવા જતા પુત્ર પાસે માતાએ પોતાના ધાવણનું મૂલ્ય માગ્યું. ત્યારે પુત્રે કહ્યું, 'હે, માતા ! તારું મધુર દૂધ અમૂલ્ય છે. તારી વાતો રસભરી છે. જો હું સાત સમુદ્રો જેટલું અન્ય દૂધ પી લઉં , તો પણ મારી તરસ નહિ મટે. તારા સ્તનમાં ગંગાની ઉજ્જવળતા અને યમુનાનું ઊંડાણ છે. તારી વાણી સરસ્વતીની ધારા છે. સાત ઝરણાનું દૂધ પીવા છતાં તારા દૂધના ઋણથી હું મુક્ત નહિ થઈ શકું, તારા દૂધનું મૂલ્ય હું નહિ ચૂકવી શકું.' રામમર્યાદા પુરુષોત્તમ કહેવાયા, છતાં માતાના ધાવણના ઋણથી મુક્ત ન થઈ શક્યા.

આજે સંયુક્ત કુટુંબપ્રથા નષ્ટ થઈ રહી છે અને નાના કુટુંબમાં વૃદ્ધ-નિવૃત્ત માતા-પિતાનું સ્થાન ક્યાં, એ પ્રશ્ન અત્યંત મહત્ત્વનો બની ગયો છે. માતા-પિતાનું ગૌરવ ઘરમાં સચવાતું નથી. પુત્રવધૂને મન પોતાનાં સાસુ-સસરા 'જવાબદારીનું પોટલુ' અને વ્યક્તિ-સ્વાતંત્ર્યમાં હસ્તક્ષેપ કરનારું પરિબળ' બની રહ્યા છે અને પુત્રો વ્યસ્તતા, આર્થિક કારણો અને મનમોજી જીવનશૈલીને વશ થઈને માતા-પિતાની ઉપેક્ષા કરવામાં નાનમઅનુભવતા નથી.

નવગુજરાત કૉલેજમાં મલ્ટીકોર્સ ઍકેડેમીમાં બાળકોના વ્યક્તિત્ત્વવિકાસ લક્ષી એક તાલીમશિબિરમાં મેં બાળકો સમક્ષ એક રસપ્રદ પ્રશ્ન મૂક્યો હતો કે, 'તમારાં માતા-પિતાને ''થેંક યુ વૅરી મચ'' કહેવાને બદલે તેમના તમારી ઉપરના ઉપકારોની યાદી કરવાનું તમને કહેવામાં આવે તો તમે કેટલા ઉપકારો ગણાવી શકશો ? દરેકે આવતીકાલે યાદી રજૂ કરવાની છે.

બાળકોએ પાંચ-પચીસથી માંડીને પચાસ-પંચોતેર જેટલા ઉપકારોની યાદી કરી હતી અન છતાંય નોંધ્યું હતું કે હજી ઘણા ઉપકારો છે, પણ તે લખતાં અમને આવડતું નથી. આજે બાળકો મોટાં થયા પછી માતા-પિતાના ઉપકારો ભૂલી જાય છે કે યાદ રાખતાં નથી એનું કારણ પણ સમાજે શોધવું જોઈએ.

માતા-પિતાઓએ એક વાત યાદ રાખવા જેવી છે કે સંતાનપ્રેમવસુલાતનો વિષય નથી, પણ ત્યાગ-સમર્પણ અને સહિષ્ણુતા જાળવવાનો વિષય છે. સંતાનોના પ્રેમમાટે માતા-પિતા તરીકે આપણે તેમના ઉપર કરેલા ઉપકારોની યાદી ગણાવવાની જરૂર નથી.

અધિકારપ્રિયતા દાખવવાની પણ જરૂર નથી. પુત્ર-પુત્રવધૂ અને પૌત્ર-પ્રૌત્રીઓને એ વાતની પ્રતીતિ કરાવવાની જરૂર છે કે પોતે ઝિંદાદિલ દાદા-દાદી છે. બદલાતા સમયની તાસીર અને તસવીર અનુસાર માતા-પિતાએ પોતાનું માનસ બદલવાની જરૂર છે. એ માટે વડીલશાહીના ભ્રમમાંથી મુક્ત થઈ સંતાનોના મિત્ર બનવાની આવશ્યકત છે.

વડીલો વયને કારણે કે પ્રાપ્ત થયેલા વિવિધ અનુભવોને કારણે પોતાને 'ડહાપણનો દરિયો' માને છે અને સંતાનો પોતાના માર્ગદર્શન મુજબ જ ચાલે એવો આગ્રહ-દુરાગ્રહ રાખે છે. પોતાના ગમા-અણગમા એમના ઉપર લાદવાની કોશિશ પણ કરે છે. નાની-નાની બાબતોમાં સંવાદ કરવાને બદલે વિવાદને પ્રાધાન્ય આપે છે. આર્થિક અને સામાજિક વ્યવહારોમાં પુત્ર કે પુત્રી પોતાની ધરાર અવગણના કર્યાનો રોષ વ્યક્ત કરે છે. આપણા માતા-પિતાઓને 'ઘરડાપા'માં વધુ રસ છે, 'વૃદ્ધત્ત્વ'માં નહિ. 'ઘરડાપો' ટકટક કરતાં શીખવે છે, 'વૃદ્ધત્ત્વ' ટકોર કરવાની સલાહ આપે છે. 'ઘરડો કોણ ?' ઘરેડમાં જીવે તે. 'વૃદ્ધ કોણ ?' જે અંદરથી વૃદ્ધિ પામતો રહે તે. 'જનરેશન-ગેપ'ના મૂળમાં મોટે ભાગે 'જનરેટેડ-ગેપ' જ જવાબદાર હોય છે. તિરાડો કે સંબંધોમાં ગાબડાં આપો આપ નથી પડતાં. એ માટે વિવાદ, અસહિષ્ણુતા, જિદ્દ, વટ કે હઠ જવાબદાર હોય છે. ત્યાગ કરવાનો આવે તો ત્યાગનો અધિકાર મોટાં કે વડીલોએ કરી દેખાડવાનો છે અને એ પણ ગૌરવપૂર્ણ રીતે. બિનશરતી કે અપેક્ષારહિત પ્રેમએ ગંગાજળથી પણ વધુ પવિત્ર છે. મોટી ઉંમરે પણ માણસોએ શક્ય હોય ત્યાં સુધી સ્વાવલંબી, ક્ષમાશીલ, પુત્ર અને પુત્રવધૂ  પ્રત્યે ઉદાર, સહયોગી તથા કર્તવ્યરત રહેવું જોઈએ. આજે સ્થિતિ એ સરજાઈ છે કે વડીલોને વડીલ થવાનું અનુકૂળ નથી લાગતું અને નાનેરાને ગરિમામય રીતે મોટપ દાખવતાં

# વૃદ્ધ દંપતીનો કાગળ

**વ્હાલા સંતાનો,**

- જ્યારે અમે ઘરડા થઈએ, નબળા પડીએ, હતાશ થઈએ, ત્યારે અમને સમજવાનો પ્રયત્ન કરજો.
- અમને ચાલવામાં મદદ કરજો. બાકીની અમારી જિંદગીમાં પ્રેમઆપજો અને અમારું સ્વમાન અને આત્મગૌરવ જાળવજો.
- અમે હંમેશા તમને હાસ્ય આપીશું, અને અમારા હૃદયમાં તમારે માટે જે પ્રેમહતો, અને છે, તેમાં નવડાવી દઈશું.
- કેટલીક ક્ષણો એવી આવશે કે, અમે ચાલતી વાતચીતનો દોર ભૂલી જઈશું, અથવા અટકી જઈશું, અથવા વાતનો દોર અધવચથી ભૂલી જઈશું. અમને યાદ કરવાનો જરૂરી સમય આપજો, ને યાદ ન આવે તો પ્રશ્ન પૂછી હતાશ ન બનાવતા ને છણકો ના કરતા.
- જીવનમાં સૌથી અગત્યની વસ્તુ અમારે માટે એ નથી કે, તમે અમારી સાથે ફોન પર હરતા ફરતા વાત કરો, પણ તમે ઘડીક અમારી પાસે બેસજો, દિવસની થોડી મિનિટો (કલાકો નહિ) ગાળજો, અમારી આંખોમાં આંખ પરોવી પ્રેમથી જોજો અને બે શબ્દો સાંભળજો, જો સમય હોય તો...?
- અમે જ્યારે તમારી સાથે બોલતા હોઈએ ત્યારે, એકની એક વાતો, વારંવાર અમે રીપીટ કરીએ, અથવા ઘણીવાર વચ્ચે બોલ બોલ કરીએ તો અમને તોડી ના પાડશો. સાંભળજો અથવા શાંતિથી સમજાવજો.
- તમે જ્યારે નાના હતા ત્યારે અમારે એકની એક વાર્તા એક હજાર વાર કહેવી પડતી હતી, જ્યાં સુધી તમે શાંતિથી સૂઈ ન જાવ.
- અમે તમારી ઊંઘમાં ખલેલ નથી પાડવાના, ભલે અમે ઉંઘની  ગોળી લીધા પછી લગભગ આખી રાત જાગીએ...
- અમને કોઈ વાર ન ન્હાવાની ઈચ્છા થાય તો, અમને લઢશો નહિ અમારાથી શરમાશો નહિ.



- એ સમય યાદ રાખજો જ્યારે નાનપણમાં તમે ઘણા બધા કારણો બતાવીને ન્હાતા ન હતા. અને અમે તમને ન્હવડાવવા માટે તમારી પાછળ દોડતા હતા. કંઈપણ કરતાં પહેલા તમારું બાળપણ અચૂકથી યાદ કરજો.
- અમને જ્યારે ખાવાની ઈચ્છા ન થાય ત્યારે અમને દુરાગ્રહ ન કરશો, કારણ કે અમને ખબર છે અમારે ક્યારે ખાવું ને ક્યારે ના ખાવું. તબિયતના બહાના હેઠળ પણ કહેવાનું હોય તો ધીમેથી કહેજો, છણકો કરીને ટોકીને નહિ, જે અમને ખૂબ આકરું લાગે છે.
- તમે જ્યારે નાના હતા અને પહેલી પા પા પગલી ભરી ત્યારે મદદ માટે જેમ અમે અમારો હાથ લંબાવ્યો હતો, એમ તમે પણ અમે થાકી જઈએ અને ચાલી ન શકીએ ત્યારે હાથની મદદ આપજો.
- ખાતા ખાતા જો અમારા હાથ ધ્રુજે ને જો અમે ગંદા થઈએ, જાતે કપડાં પહેરી ન શકીએ તો, તેમાં પણ તમે મદદ કરજો. અમને શાંતિપૂર્વક ને ધીરજપૂર્વક સંભાળજો. ને યાદ કરજો કે અમે તમને ખવડાવવામાં કેટલો સમય ગાળતા હતા અને ન્હવડાવીને તૈયાર કરવામાં લાંબો સમય ગાળતા અને તેમાં આનંદ અનુભવતા અને તમને અપટુડેટ રાખતા.
- જ્યારે કોઈવાર અમે મરવાની વાત કરીએ ત્યારે અમારા પર ચીડાતા નહિ, અમને સમજવાનો પ્રયત્ન કરજો કારણ કે એક દિવસ તમને અમારા શબ્દોની કિંમત સમજાશે. અમે ગમે તે રીતે જીવ્યા નથી, અમારા અનુભવ સાથે જીવ્યા છીએ એટલે ઘડપણનો હડસેલો ઘણીવાર મૃત્યુના વિચારો તરફ ધકેલી દે.
- અમારા ટેકનોલોજીના અજ્ઞાન સામે અમારાથી ટેકનોલોજીને દૂર લઈ જવા કરતાં એ નવી દુનિયામાં અમારું વ્હાણ હંકારવામાં મદદ કરજો. અમે તમને જીવનમાં ઘણી નવી વસ્તુ શીખવાડી છે, દા. ત. યોગ્ય વસ્તુ ખાવી, સુંદર કપડા કેવી રીતે પહેરવા, તમારા હક્કો માટે કેવી રીતે લડવું.
- એક દિવસ તમને સમજાશે કે, અમારી ઘણી ભૂલો છતાં, માતા-પિતા તરીકે હંમેશા જીવનમાં તમારું ઉર્ધ્વગમન થાય તે જ કાળજી રાખી છે અને તે અંગેની રાહ પણ બતાડી, ચાલતા કર્યા છે.
- અમારે ફક્ત પચાસ ટકાથીએ ઓછા તમારા સાથ, હૂંફ ને પ્રેમની જરૂર છે કારણ કે અમે જાણીએ છીએ કે બાકીની જિંદગી અને સમય તમારે પોતા માટે અને તમારા કુટુંબ માટે ગાળવાનો છે.

શું સંતાન તરીકે તમે એ આપી શકશો ?

લી. સદા તમને વ્હાલથી ભીંજવતા
તારા મમ્મી-પપ્પા.

# તેજસ્વી તારલા-૨૦૧૭

| મીસ ડૉ. પ્રવિણાબહેન શાંતિલાલ શાહ ધો.-૧૨ વિજ્ઞાન પ્રવાહ પારિતોષિક | | | સ્વ. રતિલાલ ફુલચંદ શાહ ધો. ૧૨ સામાન્ય પ્રવાહ સ્મૃતિ પારિતોષિક | | |
|---|---|---|---|---|---|
| પ્રથમ | દ્વિતિય | તૃતિય | પ્રથમ | દ્વિતિય | તૃતિય |
|  |  |  |  |  |  |
| શાહ સ્મિત કેવીનભાઇ ૦૦૦ ૯૬.૩૬ % | શાહ ભવ્ય નિરવભાઇ ૦૦૦ ૯૪.૪૦ % | શાહ અંશ ચેતનભાઇ ૦૦૦ ૭૪.૧૫ % | વખારીયા માલવ જીજ્ઞેશકુમાર ૦૦૦૦ ૮૯.33 % | શાહ જાનવી આશિષકુમાર ૦૦૦૦ ૮૩.૬૦ % | શાહ નિશિ અનિલકુમાર ૦૦૦૦ ૭3.૦૦ % |

| શ્રી પદ્મકાંત મણીલાલ વખારીઆ સ્મૃતિ પારિતોષિક ધો.-૧૦ | | | | સવિતાબહેન મનુભાઇ વખારીઆ ધો. ૧૨ (વિજ્ઞાન-સામાન્ય પ્રવાહ) મહિલા પારિતોષિક | |
|---|---|---|---|---|---|
| પ્રથમ | પ્રથમ | દ્વિતિય | તૃતિય | પ્રથમ | પ્રથમ |
|  |  |  |  |  |  |
| શાહ દર્શ કેવિનકુમાર ૦૦૦૦ ૯૫.૫૦ % | શાહ તિર્થ હેતલકુમાર ૦૦૦૦ ૯૫.૫૦ % | શાહ શૈલી જીજ્ઞેશકુમાર ૦૦૦૦ ૯૫.૫૦ % | પરીખ માનશી ચેતનકુમાર ૦૦૦૦ ૮૨.૪૦ % | શાહ જાનવી આશિષકુમાર ૦૦૦૦ ૮૩.૬૦ % | શાહ ઇશા કિરણકુમાર ૦૦૦૦ ૭૧.૩૮ % |

ખૂબ ખૂબ અભિનંદન

| શાહ રમણીકલાલ કસ્તુરચંદ સ્મૃતિ મીકેનીક ઇન્જી. પારિતોષિક | માતૃશ્રી તારાબેન શંકરલાલ શાહ સ્મૃતિ ડેન્ટલ પારિતોષિક | ઉષાબહેન દશરથલાલ બી. શાહ ઇલેક્ટ્રોનીક્સ પારિતોષિક |
|---|---|---|
| પ્રથમ | પ્રથમ | પ્રથમ |
|  |  |  |
| શાહ અનુજ રાજેન્દ્રકુમાર ૦૦૦૦ ૮.૩૮ CGPA | ડૉ. વખારીયા નિલય મુકેશભાઇ ૦૦૦૦ ૬૮.૧૭ % | પરીખ કુશલ મહેશભાઇ ૦૦૦૦ ૭.૪૬ CGPA |



Jyotish S. Shah (Kachwala)
Telefax : 022-28481718
Mob.: 98202 28980 / 98672 89802

Hemali Trading Co.

Dealers Agents in : Toughened & Figured Glass, Chemicals, Acrylic Plastic & All Types of Paper & Clip

Head Off.: X/14, Sai Chhaya Apartment, Chhatrapati Shivaji Road No. 3, Opp. Sudhindra Nagar, Dahisar (East), Mumbai - 400 068.

Branch Off.: B-4, 1st Flr., Buddhadev Market, Sevashram Road, Bharuch-392001. (Gujarat)

Godown Fac. : L-5309/2, 4th Phase, Opp. Suprit Chemical GIDC, Vapi, Gujarat-385195 Gujarat.



Book-Post / By Air Mail

To,

________________________________________

________________________________________

________________________________________

Printed and Published by : Shri Dineshbhai Lalubhai Shah (President) On behalf of Shri Sangh Nrusinhpura Digambar Jain Kelavani Mandal, Sheth K. J. Chhatralay, Nr. Post-Office, Navrangpura, Ahmedabad-380009.
Email : kjchhatralay@yahoo.in • web : parichaysetu.com
at Padmavati Printing Press, Usmanpura, Ahmedabad-380013. Mo. : 9227215492